# ગર્લ્સ પોલીટેકનિકમાં 'ટેકનો સરિતા' અંતર્ગત પ્રોજેક્ટ ફેર : વેસ્ટ વસ્તુમાંથી સસ્ટેનેબલ પ્રોડક્ટ ડિઝાઈન કરી

નવરંગપુરાની ગવર્નમેન્ટ પોલીટેકનિક ફોર ગર્લ્સના ફેશન ડિઝાઈન ડિપાર્ટમેન્ટના છેલ્લાં વર્ષમાં અભ્યાસ કરતી સ્ટુડન્ટ્સનું 'ટેકનો સરિતા-૨૦૨૫' અંતર્ગત પ્રોજેક્ટ ફેરનું આયોજન કરાયું હતું, જેમાં સ્ટુડન્ટ્સના સાત ગ્રૂપ દ્વારા એન્વાયરમેન્ટ સસ્ટેનેબિલિટીને ધ્યાનમાં રાખીને વિવિધ વેસ્ટ મટીરિયલમાંથી એમ્બ્રોડરીથી નવી ડિઝાઈનના કપડાં, જ્વેલરી, પર્સ, ચંપલ સહિતની પ્રોડક્ટ તૈયાર કરી કેમ્પસમાં ડિસપ્લે યોજાયું હતું.

## વેસ્ટ જીન્સ-જેકેટ પર એમ્બ્રોડરી વર્ક કરી પ્રોડક્ટ બનાવી



પર્યાવરણને ઓછું નુકસાન થાય અને વેસ્ટ જીન્સનો યોગ્ય ઉપયોગ થાય તે માટે અમે વેસ્ટ જીન્સ અને જેકેટ પર કચ્છ-કાઠિયાવાડી એમ્બ્રોડરી વર્ક કર્યું છે. પરંપરાગત એમ્બ્રોડરી વર્ક કરવાથી વેસ્ટમાંથી બેસ્ટ પ્રોડક્ટ તૈયાર કરીને રિ-યુઝેબલ બનાવ્યા હતા. યંગસ્ટર્સ તેને નવરાત્રિમાં કે પછી પ્રસંગે પહેરી શકાય તેવી પ્રોડક્ટ બનાવી છે. - નિધિ સાવલીયા, ફીઝા પઠાણ, ધ્યાની

## વેસ્ટ બટનના ઉપયોગથી વિવિધ જ્વેલરી તૈયાર કરી



દરેક ઘરમાં થોડા ઘણાં વેસ્ટ બટન હોય છે ત્યારે આ વેસ્ટ બટનના ઉપયોગથી અવનવી ડિઝાઈનની જ્વેલરી તૈયાર કરી છે. યંગસ્ટર્સને ધ્યાનમાં રાખીને અમે સેટ, બુટ્ટી, ડોકિયું અને માથામાં લગાવી શકાય તેવી વિવિધ જ્વેલરી બનાવી છે. વેસ્ટ વસ્તુમાંથી જ્વેલરી બનાવવાથી પર્યાવરણને થતા નુકસાનમાં ઘટાડો થાય છે. -સ્નેહલ, વંદના, વૈદેહી

## સાડી પર સ્ટીચિંગ તેમજ પેઈન્ટિંગ કરી રેડી ટુ વેર બનાવી



સમયના અભાવનને ધ્યાનમાં રાખીને અમે નવી જનરેશન માટે રેડી ટુ વેર સાડી બનાવી છે, જેમાં પ્લેન સાડી પર વિવિધ પેઈન્ટિંગથી તૈયાર કરવામાં આવી હતી. સાડી પહેરતા આવડતી ન હોય તો તે લોકો પણ આ સાડી ઓછા સમયમાં પહેરી શકે તે માટે તેને સ્ટીચ કરી તેને રેડી ટુ વેર સાડી બનાવી છે. -જાનકી, હેલી, કનિષ્કા, પૂજા

## બાટીક ટેકનિકથી બાળકો માટે વેસ્ટર્ન કપડાં તૈયાર કર્યા



આપણી જૂની ટ્રેડિશનલ આર્ટને જીવંત રાખવાના ઉદ્દેશ્ય સાથે અમે બાટીક ટેકનિકના ઉપયોગથી યંગસ્ટર્સને પસંદ પડે તેવા વેસ્ટર્ન કપડાં તૈયાર કર્યા છે. આ પ્રકારની કામગીરીથી આર્ટ સાથે જોડાયેલા લોકોને રોજગારી મળે છે અને નવી ડિઝાઈનના ગારમેન્ટ પણ બની શકે છે. -જાનકી, માનસી, આન્યા, પ્રાંજલ